# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 11-10-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી નવી દિલ્હીમાં કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોમાં 42 હજાર કરોડથી વધુના અનેક પ્રોજેક્ટ્સ અને યોજનાઓનો શુભારંભ અને શિલાન્યાસ કરશે.

2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ગુજરાતમાં સિદ્દી સમુદાયે 72 ટકાથી વધુ સાક્ષરતા દર હાંસલ કરતા તેમની પ્રસંશા કરી.

3) નાગરિક ઉડ્ડયન મંત્રીએ આગામી તહેવારો દરમિયાન તમામ એરલાઇન્સને સસ્તા હવાઈ ભાડા જાળવવા વિનંતી કરી.

4) ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોને સેબેસ્ટિયન લેકોર્નુને ફરીથી પ્રધાનમંત્રી તરીકે નિયુક્ત કર્યા.

5) વેસ્ટ ઈન્ડિઝ સામેની બીજી ક્રિકેટ ટેસ્ટ મેચમાં ભારત 2 વિકેટે 318 રનના સ્કોરથી પોતાની રમત આગળ રમશે.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM-AGRI SECTOR SCHEMES

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં એક ખાસ કૃષિ કાર્યક્રમમાં કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોમાં 42 હજાર કરોડથી વધુના અનેક પ્રોજેક્ટ્સ અને યોજનાઓનો શુભારંભ અને શિલાન્યાસ કરશે. શ્રી મોદી બે મુખ્ય કૃષિ ક્ષેત્રની પહેલો: પ્રધાનમંત્રી ધન ધન્ય કૃષિ યોજના અને કઠોળમાં આત્મનિર્ભરતા માટેનું મિશન શરૂ કરશે અને ખેડૂતો સાથે વાર્તાલાપ કરશે. આ કાર્યક્રમ ખેડૂત કલ્યાણ, કૃષિ સ્વનિર્ભરતા અને ગ્રામીણ માળખાગત સુવિધાઓને મજબૂત બનાવવા પ્રત્યે સરકારની સતત પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

**(બાઇટ – અમન)**

આ પ્રસંગે, પ્રધાનમંત્રી કૃષિ, પશુપાલન, મત્સ્યઉદ્યોગ અને ખાદ્ય પ્રક્રિયા ક્ષેત્રોમાં 5 હજાર 450 કરોડની યોજનાઓનું ઉદ્ઘાટન અને લોકાર્પણ કરશે. તેઓ આશરે 8 અબજ 15 કરોડના અનેક પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ પણ કરશે.

# PREZ-GUJARAT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ગઈકાલે ગુજરાતના જૂનાગઢ જિલ્લામાં આફ્રિકન મૂળના આદિજાતિ સિદ્દી સમુદાયના સભ્યો સાથે વાતચીત કરી હતી. તેમણે આદિવાસી લોકોને સશક્તિકરણ અને પ્રગતિના સાધન તરીકે શિક્ષણ મેળવવા

માટે પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે આનંદ વ્યક્ત કર્યો કે ખાસ કરીને હાંસિયામાં ધકેલાઈ ગયેલા સિદ્દી સમુદાયે 72 ટકાથી વધુ સાક્ષરતા દર હાંસલ કર્યો છે.

રાષ્ટ્રપતિએ સમુદાયને કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરાયેલી વિવિધ વિકાસ અને કલ્યાણકારી યોજનાઓ વિશે માહિતગાર રહેવા અનુરોધ કર્યો. રાષ્ટ્રપતિ મુર્મુએ આદિવાસી સમુદાયોની પ્રકૃતિ-મૈત્રીપૂર્ણ જીવનશૈલીની પણ પ્રશંસા કરી હતી, તેને ટકાઉ જીવન માટે પ્રેરણાનો સ્ત્રોત ગણાવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે આદિવાસી સંસ્કૃતિ અને પરંપરાઓનું સન્માન અને જાળવણી કરતા ન્યાયી અને સમાવિષ્ટ સમાજના નિર્માણમાં આદિવાસી લોકોની સક્રિય ભાગીદારી મહત્વપૂર્ણ છે. તેમણે ઉમેર્યું હતું કે 2047 સુધીમાં વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા માટે સમાનતા, ન્યાય અને આદિવાસી અધિકારોનું રક્ષણ સુનિશ્ચિત કરવું જરૂરી છે.

અગાઉ, રાષ્ટ્રપતિએ ગીર સોમનાથ જિલ્લામાં પ્રખ્યાત સોમનાથ મંદિરમાં પ્રાર્થના કરી હતી. રાષ્ટ્રપતિ ગુરુવારે રાજ્યની ત્રણ દિવસની મુલાકાતે ગુજરાત પહોંચ્યા હતા.

દરમિયાન રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ગુજરાત પ્રવાસના અંતિમ દિવસે આજે જગતમંદિરમાં દ્વારકાધીશ ભગવાનના દર્શન કરશે. ત્યારબાદ રાષ્ટ્રપતિ અમદાવદામાં ગૂજરાત વિદ્યાપીઠના 71માં દીક્ષાંત સમારોહમાં પણ હાજરી આપશે. આ વર્ષે કુલ 713 વિદ્યાર્થીઓને પદવી એનાયત થશે. 9 વિદ્યાર્થીઓને ચંદ્રક એનાયક કરાશે.

ઉલ્લેખનીય છે કે, ગાંધીજી દ્વારા 18 ઓક્ટોબર 1920ના રોજ ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના કરાઈ હતી.

# CIVIL AVIATION- FESTIVE SEASON

નાગરિક ઉડ્ડયન મંત્રી કિંજરાપુ રામમોહન નાયડુએ આગામી તહેવારો દરમિયાન તમામ એરલાઇન્સને સસ્તા હવાઈ ભાડા જાળવવા વિનંતી કરી છે. એરલાઇન્સે જણાવ્યું છે કે મુસાફરોની સુવિધા તેમની ટોચની પ્રાથમિકતા છે અને જો જરૂર પડે તો વધારાની ફ્લાઇટ્સ ચલાવવામાં આવશે.

ગઈકાલે નવી દિલ્હીમાં માસિક સમીક્ષા બેઠકમાં, શ્રી નાયડુએ જણાવ્યું હતું કે ઉડ્ડયન સેવાઓમાં સલામતીના ધોરણો પર ખાસ ધ્યાન આપવું જોઈએ અને એરલાઇન્સે મુસાફરોની સુવિધા માટે ઉત્તમ સેવાઓ પૂરી પાડવી જોઈએ. આ પ્રસંગે, શ્રી નાયડુએ એરલાઇન્સ દ્વારા શરૂ કરાયેલ મુસાફરોની ફરિયાદ નિવારણ ઝુંબેશની પણ સમીક્ષા કરી અને એરલાઇન્સને સમયસર ફરિયાદોનું નિરાકરણ લાવવા નિર્દેશ આપ્યો. તેમણે નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલયને હવાઈ ભાડાનું બારીકાઈથી નિરીક્ષણ કરવા પણ નિર્દેશ આપ્યો.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# FRANCE PM RE-APPOINTMENT

ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોને રાજીનામું આપ્યાના થોડા દિવસો બાદ સેબેસ્ટિયન લેકોર્નુંને ફરીથી પ્રધાનમંત્રી તરીકે નિયુક્ત કર્યા છે. શ્રી મેક્રોને શ્રી લેકોર્નુંને રાજકીય ગતિરોધનો અંત લાવવા માટે સરકાર બનાવવા અને બજેટ રજૂ કરવાનો પ્રયાસ કરવા કહ્યું છે.

શ્રી લેકોર્નુંની પુનઃનિયુક્તિ તેમના રાજીનામાના એક અઠવાડિયાથી પણ ઓછા સમય પછી અને દિવસોની વાટાઘાટો બાદ થઈ છે. ફ્રાન્સના વધતા આર્થિક પડકારો અને તેના વધતા દેવાને લગતા રાજકીય સંકટથી યુરોપિયન સંઘ પણ ચિંતિત છે.

રાષ્ટ્રપતિ મેક્રો દ્વારા તેમની નિમણૂકની જાહેરાત બાદ શ્રી લેકોર્નુંએ સોશિયલ મીડિયા પોસ્ટમાં જાહેરાત કરી કે તેમણે પ્રધાનમંત્રી પદ સ્વીકારી લીધુ છે. તેમણે કહ્યું કે તેમને વર્ષના અંત સુધીમાં ફ્રાન્સનું બજેટ રજૂ કરવાનું અને દેશના નાગરિકોની દૈનિક સમસ્યાઓનું નિરાકરણ કરવાનું કામ સોંપવામાં આવ્યું છે. શ્રી લેકોર્નુંએ કહ્યું કે નવી સરકારમાં સામેલ તમામ લોકોએ 2027 માં રાષ્ટ્રપતિ પદ માટે ચૂંટણી લડવાની મહત્વાકાંક્ષા છોડી દેવી પડશે. નવા મંત્રીમંડળની રચનાના થોડા કલાકો બાદ શ્રી લેકોર્નુંએ સોમવારે અચાનક રાજીનામું આપી દીધું.

# IMD WEATHER

હવામાન વિભાગે આજે દક્ષિણ કર્ણાટક, તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં અલગ અલગ સ્થળોએ ભારે વરસાદની આગાહી કરી છે. કેરળ,

માહે, આંધ્રપ્રદેશ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં પણ આવતીકાલ સુધી ભારે વરસાદની આગાહી છે.

આજે પશ્ચિમ બંગાળ અને ઓડિશાના ગંગાના મેદાનોમાં વાવાઝોડાની આગાહી છે. બંગાળની ખાડી અને આસપાસના વિસ્તારોમાં ખરાબ હવામાનને કારણે માછીમારોને દરિયામાં ન જવાની સલાહ આપવામાં આવી છે.

# TEST CRICKET

નવી દિલ્હીમાં વેસ્ટ ઈન્ડિઝ સામેની બીજી ક્રિકેટ ટેસ્ટ મેચના બીજા દિવસે ભારત ગઈકાલના 2 વિકેટે 318 રનના સ્કોરથી પ્રથમ ઇનિંગનો સ્કોર ચાલુ રાખશે. મેચ સવારે સાડા નવ વાગ્યે શરૂ થશે.

આ અગાઉ ગઈકાલે પ્રથમ દિવસની રમતના અંતે, ભારતના યશસ્વી જયસ્વાલ 173 રન અને કેપ્ટન શુભમન ગિલ 20 રન સાથે ક્રીઝ પર હતા. ભારત તરફથી સાઈ સુદર્શને 87 રન અને કેએલ રાહુલે 38 રનનું યોગદાન આપ્યું હતું.

અમદાવાદમાં શ્રેણીની શરૂઆતની મેચ જીત્યા પછી, ભારત બે મેચની શ્રેણીમાં ક્લીન સ્વીપ પૂર્ણ કરવા માટે પ્રયત્નશીલ રહેશે.

# WOMEN'S CRICKET

ICC મહિલા એક દિવસીય ક્રિકેટ વિશ્વ કપમાં આજે કોલંબોમાં ઇંગ્લેન્ડ શ્રીલંકા સામે ટકરાશે. આ મેચ ભારતીય સમયાનુસાર બપોરે ત્રણ વાગ્યે શરૂ થશે.

દરમ્યાન ગઈકાલે ગુવાહાટીમાં ન્યુઝીલેન્ડે બાંગ્લાદેશને 100 રનથી હરાવ્યું. પ્રથમ બેટિંગ કરતા ન્યુઝીલેન્ડે નિર્ધારિત 50 ઓવરમાં 9 વિકેટે 227 રન બનાવ્યા. જવાબમાં, બાંગ્લાદેશ 39 ઓવર અને 5 બોલમાં ફક્ત 127 રન જ બનાવી શક્યું. આ ટુર્નામેન્ટમાં ન્યુઝીલેન્ડની પહેલી જીત હતી. પોઈન્ટ ટેબલમાં ન્યુઝીલેન્ડ 5મા સ્થાને છે અને બાંગ્લાદેશ 6ઠ્ઠા સ્થાને છે.

# DEEPIKA PADUKONE

પ્રખ્યાત ફિલ્મ અભિનેત્રી દીપિકા પાદુકોણને કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના પ્રથમ માનસિક સ્વાસ્થ્ય રાજદૂત તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં મંત્રાલયે જણાવ્યું હતું કે દીપિકાએ આ નિયુક્તિ બદલ પોતાનો આનંદ વ્યક્ત કર્યો અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આ દિશામાં ભારતના ચાલી રહેલા પ્રયાસોને સમર્થન આપવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે.

આ સહયોગનો ઉદ્દેશ્ય દેશના માનસિક સ્વાસ્થ્ય માળખાને મજબૂત બનાવવા, માનસિક સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપવામાં ભારતની પ્રગતિ પર નિર્માણ કરવામાં યોગદાન આપવાનો છે. મંત્રાલયે વધુમાં જણાવ્યું હતું કે આ ભાગીદારી દેશભરમાં જાગૃતિ વધારવા, કલંક ઘટાડવા અને માનસિક સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે.

## અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે રૂપલ જાની

♣ આજના અખબારોએ વિવિધ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સમાચારોની હેડલાઇન બનાવી છે.

♣ ગુજરાત સમાચાર લખે છે ભારતમાં પ્રદુષણથી સૂર્યપ્રકાશના કલાકોમાં ઘટાડો..... જાપાનમાં ફ્લુના ચાર હજાર દર્દીઓ નોંધાતા દેશવ્યાપી મહામારી જાહેર

♣ દિવ્ય ભાસ્કર લખે છે ટ્રમ્પને 'નો'- વેનેઝુએલાની મારિયાને શાંતિનો નોબેલ પુરસ્કાર એનાયત...... દિલ્હી અને એનસીઆરમાં ફટાકડા પર સંપૂર્ણ પ્રતિબંધ વ્યવહારું નથી - સુપ્રીમ

♣ સંદેશ લખે છે એચ-1 બી વિઝા નિયમો હજુ વધુ કડક બનાવાશે

♣ ટ્રમ્પનું નોબેલ સપનું રોળાયું- મારિયા મેદાન મારી ગયા

♣ આઈપીએલ હરાજી 3 વર્ષ બાદ ભારતમાં યોજાઈ શકે છે.... ગુજરાતે રણજી ટ્રોફી ટીમની જાહેરાત કરી, મનન હિંગરાજીયાને ટીમની કમાન સોંપાઈ આ સમાચારને તમામ અખબારોએ રમતગમતના પાનાં પર સ્થાન આપ્યું છે.